ક્રમાંક/મહેકમ/ ૧/૯૫૯

કમિશ્નર કચેરી
મહેકમ વિભાગ
ભાવનગર મહાનગરપાલિકા
ભા વ ન ગ ર
તા.૧૯/૧/૨૦૧૮

વિષયઃ– ભાવનગર મહાનગરપાલિકાના આઉટ સોર્સીંગ સેવાઓ માટેના ટેન્ડરની શ્રી હાર્દમ હોસ્પીટાલીટી, ભાવનગરની ઈ.એમ.ડી. જપ્ત કરવા બાબત.

સંદર્ભઃ–(૧) ભાવનગર મહાનગરપાલિકાની જુદી જુદી કચેરીઓમા બિલ્ડીગોમાં શ્રમયોગી સેવા આઉટ સોર્સીગથી પુરી પાડવા અંગેના હાર્દમ હોસ્પીટલીટી ભાવનગર ધ્વારા ભરવામાં આવેલ ટેન્ડર
(૨)સ્ટેન્ડીગ કમિટી ઠરાવ નંબર –૩૨૩ તા. ૩૦–૮–૨૦૧૭
(૩) ક્રમાંક/મહેકમ/૧/૪૫૨ તા. ૨૦–૯–૨૦૧૭
(૪) નોંધ પરનો માન. કમિશ્નરશ્રીનો તા. ૧૨–૧–૨૦૧૮નો આદેશ.

---

હુ ક મઃ–

ભાવનગર મહાનગરપાસ્લિકા ધ્વારા આઉટ સોર્સીગથી જુદી જુદી સેવાઓ મેળવવા અંગેના સંદર્ભ (૧) મુજબ ટેન્ડરના હાર્દમ હોસ્પીટાલીટી ભાવનગર ધ્વારા ભરવામાં આવેલ ભાવો પૈકી ભાવનગર મહાનગરપાલિકાની પૂર્વ તથા પશ્ચિમ વિભાગની ઝોનલ ઓફિસની કચેરી સુવિધા વ્યવસ્થાપન (હાઉસ કીપીગ) ના ભાવો સંદર્ભ–(૨)ના ઠરાવથી મંજુર થતા સંદર્ભ--(૩) ના પત્રથી શ્રી હાર્દમ હોસ્પીટાલીટી, ભાવનગરને આ ભાવ મંજુર થયાની જાણ કરતો હુકમ તથા આ હુકમ મળ્યા તારીખથી દિવસ–૧૫ માં સીકયુરીટી ડીપોઝીટની રકમ રૂા. ૨,૦૦,૦૦૦/– બેન્ક ગેરંટી અથવા ફીકસ ડીપોઝીટ સ્વરૂપે જમા કરાવી નિયત નમુનામાં સ્ટેમ્પ પેપર ઉપર કરારખત કરી જવા જણાવેલ હતું. પરંતુ શ્રી હાર્દમ હોસ્પીટાલીટી, ભાવનગર ધ્વારા સીકયુરીટી ડીપોઝીટ જમા કરાવવામાં આવેલ નથી તથા એગ્રીમેન્ટપણ કરવામાં આવેલ નથી. સદરહુ ટેન્ડરની માગદર્શક સુચનાઓના ક્રમ ન.–૬ માં જણાવવામાં આવેલ છે કે જેમનું ટેન્ડર માન્ય રાખવામાં આવે તેવા ટેન્ડરરને જાણ કર્યાની તારીખથી દિનસ–૧૫ માં જરૂરી સીકયુરીટી ડીપોઝીટની રકમ જમા કરાવી નિયત નમુનામાં કરારખત નહી કરનાર ટેન્ડરરની ટેન્ડર ડીપોઝીટ (અર્નેસ્ટ મની ડીપોઝીટ) જપ્ત કરવામાં આવશે તેમજ આવા ટેન્ડરરને ભવિષ્યની કામગીરી માટે ગેરલાયક ગણવામાં આવશે. તેમ જણાવેલ છે. સબબ શ્રી હાર્દમ હોસ્પીટાલીટી, ભાવનગરને ક્રમાંક/મહેકમ/૧/૪૫૨ તા. ૨૦–૯–૨૦૧૭ના હુકમથી તેમના ભાવનગર મહાનગરપાલિકાની પૂર્વ તથા પશ્ચિમ વિભાગની ઝોનલ ઓફિસના સુવિધા વ્યવસ્થાપન (હાઉસ કીપીગ) ના ભાવ મંજુર થયાની જાણ કરતો તથા દિવસ–૧૫ માં સીકયુરીટી ડીપોઝીટની રકમ રૂા. ૨,૦૦,૦૦૦/– બેન્ક ગેરંટી અથવા ફીકસ ડીપોઝીટ સ્વરૂપે જમા કરાવી નિયત નમુનામાં સ્ટેમ્પ પેપર ઉપર કરારખત કરી જવા પત્રથી જણાવેલ હતુ આમ છતાં શ્રી હાર્દમ હોસ્પીટાલીટી ભાવનગર ધ્વારા આ કામના ટેન્ડરની માર્ગદર્શક સુચનાઓના ક્રમ નં–૬ મુજબ સીકયુરીટી ડીપોઝીટ જમા કરાવવામાં આવેલ ન હોય તથા નિયત નમુનામાં કરારખત કરવામાં આવેલ ન હોય શ્રી હાર્દમ હોસ્પીટાલીટી ધ્વારા ટેન્ડર સાથે સામેલ રાખેલ ટેન્ડર

ડીપોઝીટ (અર્નેસ્ટ મની ડીપોઝીટ) નો ડીમાન્ડ ડ્રાફ્ટ ભાવનગર મહાનગરપાલિકામાં પહોંચ નંબર -૧૭૨૨૭ તા.૨૧-૯-૨૦૧૭ થી રૂા. ૧,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ ) જમા કરાવવામા આવેલ છે. આ ટેન્ડર ડીપોઝીટ (અર્નેસ્ટ મની ડીપોઝીટ)ની રકમ જપ્ત કરવા સંદર્ભ (૪) થી નિર્ણય થયેલ હોય તે મુંજબ સબંધિત સર્વોએ અમલ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

"નોંધ પર માન. કમિશનરશ્રીની આજ્ઞાનુસાર"

નાયબ કમિશ્નર (એડમીન.)
મહાનગરપાલિકા
ભાવનગર

નકલ જાણ તથા અમલ થવા :-

(૧) શ્રી હાર્દમ હોસ્પીટાલીટી
૧૦૨/૨ , શ્રીનાથજીનગર વિભાગ-૨,
ભરતનગર, ભાવનગર

(૨) માન. સચિવશ્રી,
ભાવનગર મહાનગરપાલિકા

(૩) ચીફ ઓડીટરશ્રી

(૪) ચીફ અકાઉન્ટ ઓફીસરશ્રી

(૫) વહીવટી અધિકારીશ્રી, (મહેકમ વિભાગ)